વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકના નિગમોને સીધા ધીરાણ યોજના અંતર્ગત રૂ.૪૭.૨૩ કરોડની ફાળવણી કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૮/૭૦૮૯૮૧/અ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૦૭/૦૩/૨૦૧૯

વંચાણમાં લીધાઃ-

૧. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૧/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૮/૬૯૧૦૧/ન.બા.૬૬/અ-૧
૨. એમ.ડી., ગુજરાત ગોપાલક વિકાસ નિગમનો તા.૦૭/૦૧/૨૦૧૯નો પત્ર કઃગુગો/સીધીયો/૩૧૨૦/૨૦૧૯
૩. એમ.ડી., ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો તા.૦૭/૦૨/૨૦૧૯નો પત્ર કઃગુઠાકોવિનિ/વહટ/૨૦૧૮-૧૯
૪. એમ.ડી., ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ વિકાસ નિગમનો તા.૦૭/૦૨/૨૦૧૯નો પત્ર કઃગુઅસંનાવિનિલી/૪૧૦૮૪/૨૦૧૮-૧૯
૫. એમ.ડી., ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો તા.૦૭/૦૨/૨૦૧૯નો પત્ર કઃપવવિનિ/ યજન/૪૫૬૬/૧૯
૬. એમ.ડી., ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો તા.૦૭/૦૨/૨૦૧૯નો પત્ર કઃગુ.વિ.વિ.નિ/લોન-ધિરાણ/૨૦૧૮-૧૯/૨૮૭

ઠ રા વઃ-

આમુખમાં વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતિ અને વિમુક્ત જાતિ અને લઘુમતિ વર્ગના ઉદ્યોગ સાહસિકોને વર્ષ ૨૦૧૮-૧૯માં રાજ્ય સરકારના ફંડ દ્વારા નાના ઉદ્યોગ ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવા સીધા ધિરાણ યોજના અંતર્ગત રૂ.૨૫.૦૦ કરોડ ફાળવવામાં આવેલ હતા. આમુખમાં વંચાણે લીધેલા અનુક્રમે ક્રમાંક (૨), (૩), (૪), (૫) અને (૬) પરના પત્રોથી વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના નિગમો (૧) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ (૨) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ (૩) ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ (૪) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ અને (૫) ગુજરાત વિચરતિ અને વિમુક્ત જાતિ વિકાસ નિગમે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં સીધા ધિરાણ યોજના અંતર્ગત લાભાર્થીઓને લોન/ધિરાણ આપવા વધારાનું ફંડ ફાળવવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨.	પુખ્ત વિચારણાને અંતે વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકના નીચેના પત્રકમાં જણાવ્યા મુજબના પાંચ નિગમોને નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માટે સીધા ધિરાણ યોજના અંતર્ગત લોન આપવા માટે રૂ.૪૭.૨૩ કરોડની ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

| ક્રમ | નિગમનું નામ | ફાળવણી કરવાની રકમ (રૂ કરોડમાં ) |
|---|---|---|
| ૦૧ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | રૂ. ૧૦.૦૦ |
| ૦૨ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | રૂ. ૧૦.૦૦ |
| ૦૩ | ગુજરાત વિચરતિ અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | રૂ. ૧૦.૦૦ |
| ૦૪ | ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ | રૂ. ૦૭.૨૩ |
| ૦૫ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | રૂ. ૧૦.૦૦ |
| | કુલ | રૂ. ૪૭.૨૩ |

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માંગણી નં. ૯૨ મુખ્ય સદર-૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર -૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર–૮૦૦ અન્ય લોન, પેટા સદર- (૦૮) ઓબીસી-૨૪ રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમમાં સામા સમાન ફાળો માટે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને લોન હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૧૧/૦૪/૨૦૧૮ના ઠરાવની અન્ય શરતો/બોલીઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૫/૦૩/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.જી.વણઝારા )
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

**નકલ રવાના:-**

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ,ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ,ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ,ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત વિચરતિ અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ,ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ,ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી બજેટ, ગ અને કોમ્પ્યુટર સેલ શાખા, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૧૯